## સંક્ષિપ્ત સમાચાર

### પાટોત્સવમાં સ્વામિનારાયણ સંપ્રદાયના લાલજી મહારાજ પધાર્યા



**કાલોલ** : કાલોલ ખાતે શ્રી સુધા સત્સંગ મંડળ અને આચાર્ય ભવનના 19 માં પાટોત્સવ ના અંતિમ દિવસે શ્રી પંચગીત રસપાન કથા કાર્યક્રમના અંતિમ દિવસે આજરોજ વડતાલ સ્થીત સ્વામિનારાયણ સંપ્રદાયના પ. પૂ. ૧૦૮ લાલજી શ્રી પુષ્પેન્દ્ર પ્રસાદજી મહારાજ કથા મંડપમાં દશા મોઢ વણિક સમાજની વાડીમાં પધાર્યા હતા અને પૂ પા. ગૌ ૧૦૮ ચી.શ્રી સાનિધ્યકુમારજી મહોદય અને યુવાઆચાર્ય ગોસ્વામી શ્રી અનુગ્રહકુમારજી મહોદયશ્રી સાથે મંચ ઉપર બિરાજમાન થયા હતા જ્યાં વૈષ્ણવ સંપ્રદાય અને સ્વામિનારાયણ સંપ્રદાયનો અનેરો સંગમ જોવા મળ્યો હતો.

### ફતેપુરા તાલુકા પંચાયત કચેરી ખાતે સંવાદ કાર્યક્રમ યોજાયો



**સુખસર** : 22 ડિસેમ્બરે વાગ્ધારા સંસ્થા દ્વારા નિર્મિત કૃષિ અને આદિવાસી સ્વરાજ સંગઠન-ફતેપુરા દ્વારા તાલુકા પંચાયત કચેરી ખાતે એક દિવસીય સરકારી વિભાગો સાથે સંવાદ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતુ.વાગ્ધારા સંસ્થાના પ્રતિનિધિ ગીરીશભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત નાયબ તાલુકા વિકાસ અધિકારી,ખેતીવાડી વિસ્તરણ અધિકારી,પશુ ચિકિત્સક તેમજ આસપાસના ગામોમાંથી પધારેલ ખેડૂત ભાઈઓનું સ્વાગત અભિનંદન કરવામાં આવ્યું હતુ.

### ઝાલોદમાં નાતાલ પૂર્વે ભવ્ય ક્રિસમસ શાંતિ યાત્રાનું આયોજન



**ઝાલોદ** : ઝાલોદ નગરમાં નાતાલના પાવન તહેવાર પૂર્વે રવિવારે CNI ચર્ચ દ્વારા ભવ્ય "ક્રિસમસ ફેસ્ટિવલ શાંતિ યાત્રા"નું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે CNI ચર્ચથી શરૂ થયેલી આ યાત્રામાં ખ્રિસ્તી સમાજના લોકો ભારે ઉત્સાહ સાથે મોટી સંખ્યામાં જોડાયા હતા.આ શાંતિ યાત્રા CNI ચર્ચથી પ્રસ્થાન કરી નગરના મુખ્ય બસ સ્ટેન્ડ થઈ ગામડી ચોકડી સુધી પહોંચી હતી અને ત્યારબાદ પરત ફરી ચર્ચ ખાતે સમાપ્ત થઈ હતી. યાત્રામાં અબાલ-વૃદ્ધ સૌ કોઈ લાલ ટોપીઓ પહેરી, ડીજેના તાલે ગવાતા નાતાલના ભક્તિ ગીતો સાથે ઉત્સાહપૂર્વક નૃત્ય કરી પ્રભુ ઈસુ ખ્રિસ્તના આગમનને આનંદભેર વધાવ્યું હતું.

### બેઢીયાની દેવરાજ લો કોલેજના પ્રિન્સિપાલને Ph.dની પદવી એનાયત




**કાલોલ** : દેવરાજ લો કોલેજ બેઢીયા ના પ્રિન્સિપાલ દિવ્યાબેન કોન્ટ્રાક્ટરને ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે યોજાયેલ દીક્ષાંત સમારોહ ગુજરાતના મહા માહીમ રાજ્યપાલ આચાર્ય દેવ વ્રતજી શિક્ષણ મંત્રી ત્રિકમ દાસ છાગા તથા રાજ્યસભાના સાંસદ જશવંતસિંહ પરમાર ગોધરા મોરવા હડપ ધારાસભ્ય નિમિશા બેન સુથાર મહા અનુભવોની ઉપસ્થિતિમાં યુનિવર્સિટી કુલપતિ ડોક્ટર હરિભાઈ કતારીયાના હસ્તે કાયદાના વિષય પીએચડીની પદવી પ્રાપ્ત કરવા બદલ સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### "વિકસિત ગુજરાત @2047" થીમ આધારિત જિલ્લા કક્ષાનો કલાઉત્સવ

**વડોદરા** : "વિકસિત ગુજરાત @૨૦૪૭" ના વિઝનને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે જિલ્લા કક્ષાના કલાઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓમાં રહેલી કલા-શક્તિને પ્રોત્સાહન આપવા માટે ચિત્રકલા સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત-ગાયન અને સંગીત-વાદન જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં તેવા જ વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા છે જેમણે અગાઉ BRC (બ્લોક રિસોર્સ સેન્ટર) અને SVS (શાળા વિકાસ સંકુલ) કક્ષાની સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. આ આયોજન ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ પ્રાથમીક વિભાગ અને ૨૩ ડિસેમ્બર ૨૦૨૫ ના માધ્યમિક અને ઉ.માધ્યમિક વિભાગનો કાર્યક્રમ સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અનાવિલ ભવન સામે, કારેલીબાગ, વડોદરા ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં વિકસિત ગુજરાતની પરિકલ્પના રજૂ કરશે.

---

આરોપીઓ દાહોદ, ઝાલોદ તેમજ બાંસવાડા (રાજસ્થાન) વિસ્તારમાં ફરી છેતરપિંડી કરતા હતા

# નકલી ચાંદીના દાગીનાની છેતરપિંડી કરનાર ગેંગ ઝાલોદ પોલીસે ઝડપી

**નકલી** ચાંદીના કડલા-ભોરીયા આપી રૂ. 39 હજારની છેતરપિંડી, 3 આરોપી ઝડપાયા



**પકડાયેલા આરોપીઓ**

1.શાતુભાઈ મતલાભાઈ ગરાસિયા - રહે. ધાવડિયા, તા. ઝાલોદ
2.રાજેશભાઈ કચરાભાઈ - રહે. મોયાવાસા, તા. ગડી
3.વિશાલ સોહનભાઈ - રહે. બડોદિયા, તા. બાગીડોરા

(પ્રતિનિધી) ઝાલોદ, તા.22
ઝાલોદ પોલીસને નકલી ચાંદીના દાગીના આપી લોકો સાથે છેતરપિંડી કરનાર ઈસમો સામે મોટી સફળતા મળી છે. દાહોદ જિલ્લાના ઝાલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી બે અલગ અલગ છેતરપિંડીના ગુનાઓમાં પોલીસે કુલ ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસ મહાનિરીક્ષકશ્રી આર.વી. અસારી (પંચમહાલ-ગોધરા રેન્જ) તથા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીના માર્ગદર્શન હેઠળ, તેમજ નાયબ પોલીસ અધિક્ષકશ્રી ડી.આર. પટેલની દેખરેખમાંઝાલોદપોલીસેકાર્યવાહીહાથધરીહતી. ્રથમ ઘટના તા. 24/11/2025ના રોજ ઝાલોદ ખાતે કરિયાણાની દુકાન પર આરોપીઓએ પૈસાની તંગી હોવાનું જણાવી ફરીયાદી પાસેથી રૂ. 39,000 લઈ નકલી ચાંદીના કડલા આપ્યા હતા. આ અંગે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. 11821030251797/2025 મુજબ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 318(2), 318(4) તથા 3(5) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. CCTV ફૂટેજના આધારે તપાસ કરતા આરોપીઓની ઓળખ થઈ અને ઝડપી કાર્યવાહી કરીને ઝાલોદ પોલીસે સફેદ ધાતુના નકલી ભોરીયા તથા બે મોબાઈલ ફોન જપ્ત કર્યા. બીજી ઘટના તા. 22/12/2025ના રોજ એક મહિલાને તેના પૌત્રના ઓપરેશનના બહાને રૂપિયા લઈ નકલી ચાંદીના દાગીના આપી છેતરપિંડી કરવામાં આવી હતી. આ કેસમાં પણ ઝાલોદ પોલીસે ગણતરીના કલાકોમાં બસ સ્ટેશન વિસ્તારમાંથી આરોપીઓને ઝડપી પાડ્યા. તેમની પાસેથી નકલી ચાંદીના ભોરીયા કુલ નંગ-13 તથા સાકળી નંગ-02 કબજે કરવામાં આવી. ઝાલોદ પોલીસે વણ શોધાયેલા ગુનાઓને પણ ઝડપી શોધી કાઢી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નકલી ચાંદીના દાગીનાની છેતરપિંડી સામે ઝાલોદ પોલીસે કાર્યવાહી કરી હતી.

---

ગોધરાના વિંઝોલ ગામ નજીક બનેલો બનાવ

## નર્સિંગ કોલેજની બસ રોડ સાઈડમાં ઉતરી ગઈ પણ દુર્ઘટના ટળી



(પ્રતિનિધી) ગોધરા તા.22
પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના શિવપુરી સ્થિત પ્રેરણા ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગની બસને વહેલી સવારે રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી. જોકે સદનસીબે મોટી જાનહાનિ ટળતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પ્રેરણા ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગની બસ વહેલી સવારે વિદ્યાર્થીઓને લઈને જઈ રહી હતી. બસ જ્યારે ગોધરા તાલુકાના વિંઝોલ ગામ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક બસના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. ચાલકે કાબુ ગુમાવતા બસ અનિયંત્રિત થઈને રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી.

ઘટનાને પગલે બસમાં સવાર વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, આ ઘટનામાં કોઈ પણ વિદ્યાર્થીને ગંભીર ઈજા કે જાનહાનિ થઈ નથી.

---

## ગોધરા કોમર્સ કોલેજમાં 'વર્લ્ડ મેડીટેશન ડે'ની ઉજવણી કરાઈ



(પ્રતિનિધી) ગોધરા, તા.22
ગોધરા સ્થિત સાર્વજનિક કોમર્સ કોલેજ ખાતે એન.એસ.એસ. વિભાગ અને આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે 'વર્લ્ડ મેડીટેશન ડે'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના સદાબા હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આર્ટ ઓફ લિવિંગના એડવાન્સ/સહજ કોર્સના શિક્ષક નરેશભાઈ તુલસીયાણીએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને મેડીટેશનનું મહત્વ અને તેની વૈજ્ઞાનિક સમજ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને વિવિધ યોગાસનો કરાવ્યા હતા અને નાની-નાની રમતો રમાડી વાતાવરણને પ્રફુલ્લિત કરી દીધું હતું. ત્યારબાદ, વિશ્વના ૧૮૨ દેશોમાં લાખો અનુયાયીઓ ધરાવતા આધ્યાત્મિક ગુરુ રવિશંકરજીના અવાજમાં (રેકોર્ડિંગ દ્વારા) સામૂહિક ધ્યાન કરાવવામાં આવ્યું હતું. આ ધ્યાન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓ સહિત ઉપસ્થિત તમામ પ્રોફેસરોએ અદભુત માનસિક શાંતિ અને હળવાશનો અનુભવ કર્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડો. શૈલેન્દ્ર પાંડેએ પ્રાસંગિક ઉદબોધન કરી સ્વાગત કર્યું હતું.

---

### બોરું ટર્નિંગ વિસ્તારમાં મકાન ભાડે આપનાર માલિક સામે કાર્યવાહી

(પ્રતિનિધી) કાલોલ તા.૨૨
એસઓજી પોલીસ સ્ટાફ કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે તેઓને માહિતી મળેલ કે આ વિસ્તારમાં મકાન માલિકો પરપ્રાંતીય ઈસમો ને મકાન ભાડે આપી સ્થાનિક પોલીસ મથકે નોંધણી કરાવે છે કેમ તેની તપાસ કરતા બોરુ ટર્નિંગ નર્મદા કોલોની પાસે આવતા અતુલકુમાર રાકેશસિંહ ચૌહાણ મૂળ રહેવાસી કોડો છો પોસ્ટ હરિદ્વાર ઉત્તરાખંડનો હોવાનું જણાવેલ અને હાલ છેલ્લા બે માસથી માસિક રૂપિયા 1500 ના ભાડેથી શૈલેષપુરી અર્જુનપુરી ગોસ્વામી ના મકાનમાં બહાર જતી રહેતો હોવાનું જણાવેલ મકાન માલિકે તેની પાસેથી આઈડી પ્રૂફ મેળવેલ નથી તેમ જ સ્થાનિક પોલીસ મથકે આ બાબતની કોઈ નોંધણી પણ કરાવેલ નથી જેથી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગની કાર્યવાહી હાથ ધરી હતી.

---

સર્વે પૂર્ણ થયા બાદ કેનાલનું રિપેરિંગ કરી ફરી શરૂ કરવાની કામગીરી કરાશે

## ભીલવા ગામે વર્ષોથી બંધ કેનાલ પુનઃ શરૂ કરવા સર્વે હાથ ધરાયો

**કેનાલ** પુનઃ શરૂ થતા ભીલવા ગામના ખેડુતોને સિંચાઈ માટે પૂરતું પાણી અને ખેતી ઉત્પાદન વધારવામાં મદદ મળશે



(પ્રતિનિધી) ગરબાડા, તા.22
ગરબાડા તાલુકાના ભીલવા ગામે સિંચાઈ માટે ઉપયોગમાં આવતી કેનાલ વર્ષોથી બંધ હાલતમાં પડેલી હોવાના કારણે ખેડુતોને ખેતરો સુધી પાણી પહોંચાડવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. કેનાલ બંધ રહેતા ખેતી પર સીધી અસર થઈ રહી હતી અને ખેડુતોમાં નારાજગી જોવા મળતી હતી.

આ સમસ્યાને ધ્યાને લઈ પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન અર્જુનભાઈ ગણાવા તથા ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર દ્વારા સિંચાઈ વિભાગ સમક્ષ વર્ષોથી બંધ કેનાલનું રિપેરિંગ કરી ફરી શરૂ કરવાની રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને અનુસંધાને સિંચાઈ વિભાગના અધિકારીઓ દ્વારા ભીલવા ગામે કેનાલની સ્થળ મુલાકાત લઈ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

સર્વે પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં કેનાલનું રિપેરિંગ કરી તેને ફરી શરૂ કરવાની કામગીરી કરવામાં આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. કેનાલ પુનઃ શરૂ થતાં ભીલવા ગામના ખેડુતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળશે અને ખેતી ઉત્પાદન વધારવામાં મદદ મળશે.

---

## હાલોલ ગોધરા રોડ પરના બંપ હટાવી દેતા અકસ્માતની સંભાવનાઓ વધી

**હાલોલ** તાલુકાના વિવિધ ગામોની મુલાકાતમાં અગાઉ તંત્ર દ્વારા ગોધરા થી હાલોલ હાઈવે પરથી ગતી અવરોધક બંપ હટાવી દેવાયા હતા



(પ્રતિનિધી) હાલોલ, તા.૨૨
ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગોધરા ખાતે ગોવિંદ ગુરુ યુનિવર્સિટી અને હાલોલ તાલુકાના વિવિધ ગામોની મુલાકાત અગાઉ તંત્ર દ્વારા ગોધરા થી હાલોલ હાઈવે પરથી ગતી અવરોધક બંપ હટાવી દેવાયા હતા. વીઆઈપી મહેમાનોની મુલાકાત દરમિયાન છાસવારે હાઈવે પરથી બમ્પ હટાવાય છે અને ત્યારબાદ પુનઃ નવા બંપ લગાવાય છે આમ બંપ તોડવાની અને નવા નાખવાનો ખર્ચ તથા સમય વ્યર્થ જાય છે અને બમ્પ તોડવાથી ત્રણ રસ્તા અને ચાર રસ્તા ઉપર ની સોસાયટી ના રહીશો અકસ્માત નો ભોગ બને છે. બંપ ના હોવાથી વાહનો બેફામ ગતિથી પસાર થતા હોય છે વીઆઈપી ની સવારી હાઈટેક કાર દ્વારા પસાર થતી હોય છે જેમાં તેઓને હાઈવે ઉપર બમ્પ ની પણ ખબર ન પડે તેવી આરામદાયક કાર મા સફર કરતા હોય છે તેમ છતાં પણ તેઓની સરભરા અને જી હજુરી માં વ્યસ્ત તંત્ર સામાન્ય માણસોની તકલીફને નજરઅંદાજ કરે છે. ત્યારે કોઈ મોટો અકસ્માત થાય તે પહેલાં તંત્ર દ્વારા પુનઃ સ્થાપીત કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

---

### ઝાલોદ નગર બન્યું 'રામમય : આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધામાં ભક્તિનું ઘોડાપૂર





**દાહોદ**: ઝાલોદ નગરમાં ગત શનિવારના રોજ સનાતન હિન્દુ ધર્મની એકતા અને શ્રી રામભક્તિનો અદભૂત નજારો જોવા મળ્યો હતો. 'જય શ્રી રામ'ના ગગનભેદી જયઘોષ સાથે યોજાયેલી આંતરરાજ્ય સુંદરકાંડ સ્પર્ધામાં ઝાલોદ નગર આખી રાત ભક્તિના રંગે રંગાયું હતું. બાઇક રેલીથી શરૂ થયેલો આ મહોત્સવ વહેલી સવાર સુધી અવિસ્મરણીય બની રહ્યો હતો.ઝાલોદના ગૌરવ સમાન 'વસંત મસાલા'' તરફથી તમામ સંતો અને સ્પર્ધક ટીમોને આકર્ષક મસાલા કીટ ભેટા આપવામાં આવી હતી.

---

## લો બોલો...દાહોદ શહેર સહિત જિલ્લામાં મનોરંજન માટે એકેય સિનેમાગૃહ જ નથી

**સ્માર્ટ સિટીના** દાહોદવાસીઓમાં મનોરંજન માટે સિનેમાગૃહ બનાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી

**સિને-રસિકો** પિક્ચર માટે મધ્યપ્રદેશના ઝાબુઆ કે પંચમહાલના ગોધરા સુધી જવા મજબૂર

(પ્રતિનિધી) દાહોદ, તા.22
દાહોદવાસીઓ સિનેમા જોવા માટે ગોધરા યા મધ્યપ્રદેશના ઝાબુઆ જવા મજબૂર ઈન્ટરનેટના જમાનામાં પણ સિનેમા ગૃહોનો ક્રેઝ સ્માર્ટ સીટી દાહોદમાં મનોરંજન માટે એકેય સિનેમા ગૃહ ન હોવાને કારણે સિનેરસિક લોકોને પિક્ચર મધ્યપ્રદેશના ઝાબુઆ કે પંચમહાલના ગોધરા સુધી જવા મજબૂર થવું પડે છે. જેથી સ્માર્ટ સિટી દાહોદમાં મનોરંજન માટે સિનેમાગૃહની માંગ ઉઠવા પામી છે. આમ પણ દાહોદવાસીઓ મનોરંજન તેમજ ખાણીપીણીના ખૂબ શોખીન હોવાને કારણે દાહોદ શહેરમાં ભૂતકાળમાં મનોરંજન માટે માયા ટોકીઝ, વિજય ટોકીઝ અને દર્પણ ટોકીઝ એમ ત્રણ સિનેમાગૃહ કાર્યરત હતા. અને બુરા (વમાયુએસ પિતનાં હતી. બદલાતા સમયના વહેલની સાથે સિમેન્ટના જંગલ ખરા કરવાની લાલસાને કારણે સૌ પ્રથમ દાહોદનું દર્પણ સિનેમાગૃહ બંધ થયું હતું અને તે જગ્યાએ દુકાનો બંધાઈ ટોકીઝ ગઈ ત્યારબાદ વિજય ટોકીઝનો વારો આવ્યો. અને તે વિજય તોડી તે જગ્યા પર લક્ષ્મી કોમ્પલેક્ષે આકાર લીધો. અને તે કોમ્પલેક્ષમાં સિનેમેરા મલ્ટિપ્લેક્સ નામનું સિનેમા ગૃહ બનાવવામાં આવ્યું હતું. તે સમયે દાહોદમાં મનોરંજન માટે ટોકીઝ અને સિનેમેરા મલ્ટિપ્લેક્સ એમ બે સિનેમા ગૃહો દાહોદ વાસીઓને મનોરંજન પૂરું પાડતા હતા. કેટલાક કારણોસર માયા ટોકીઝ પણ બંધ થઈ ગઈ હતી. અને ત્યારબાદ સીને મેરા મલ્ટિપ્લેક્સ પણ સમય જતા બંધ થઈ ગઈ હતી. આ વાતને ઘણો લાંબો સમય થયો છતાં અત્યાર સુધી માં દાહોદમાં તો શું પણ સમગ્ર દાહોદ જિલ્લામાં એકેય સિનેમા ગૃહ ન હોવાને કારણે દાહોદવાસીઓમાં મનોરંજન માટે સિનેમાગૃહ બનાવવા માં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

---

## પથિક રજિસ્ટરમાં ઓનલાઈન એન્ટ્રી નહી કરનાર ગેસ્ટ હાઉસ સંચાલક સામે કાર્યવાહી

**જાહેરનામા** ભંગ બદલ કાર્યવાહી હાથ ધરી નોટિસ આપી

(પ્રતિનિધિ) દાહોદ તા.22
કાલોલ તા ૨૨/૧૨/૨૫ એસઓજી પોલીસ સ્ટેશન કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે આ વિસ્તારમાં ગેસ્ટ હાઉસ સંચાલકો એ સક્ષમ ઉપર કોમ્પ્યુટરમાં પથિક સોફ્ટવેર ઈન્સ્ટોલ કરે છે કે કેમ તેમજ પથિક સોફ્ટવેર માં ઉતારૂઓ ના રજીસ્ટર મુજબ એન્ટ્રીઓ સરકાર તરફથી જાહેર કરેલ પથિક સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રીઓ કરે છે કે કેમ તેની તપાસ કરતા રાજપુતાના કંપનીની બાજુમાં હાઈવે રોડ ઉપર આવેલ સિવાય ગેલેક્સી કોમ્પલેક્ષમાં રઘુકૃપા ગેસ્ટ હાઉસ ના સંચાલક પ્રશાંત પ્રકાશભાઈ લોટ રે. રઘુકૃપા ગેસ્ટ હાઉસ મૂળ રહેવાસી કરાડા તા. સાગવાડા ડુંગરપુર ના હોવાનું જણાવેલ પોલીસે તેઓ પાસે કોમ્પ્યુટરમાં સરકાર દ્વારા જાહેર કરેલ પથિક સોફ્ટવેર ઈન્સ્ટોલ કરેલ છે કે કેમ તે પૂછતા તેઓ એ પ્રતિક સોફ્ટવેર ઈન્સ્ટોલ કરેલ નથી જેથી જીલ્લા મેજિસ્ટ્રેટ ના જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી હાથ ધરી નોટિસ આપી જીપી એક્ટ મુજબ કાર્યવાહી કરી છે.